SEWA Count 40... સેવા ચાલીસી...

સ્વાશ્રયી મહિલા સેવા સંઘ (સેવા)

Self Employed Women's Association (SEWA)

૧૯૭૨-૨૦૧૨ 1972-2012

**આવેદન પત્ર**

સુપ્રત : શ્રી રણછોડભાઈ સી. ફળદુ
કૃષિ મંત્રીશ્રી, કૃષિ સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ ,ગાંધીનગર

સુપ્રત કરનાર : સ્વાશ્રયી મહિલા સેવા સંઘ (સેવા)

તારીખ : ૧૦-૧૨-૨૦૨૦

વિષય : કોવિડ – ૧૯ કોરોના મહામારી અસંગઠિત ક્ષેત્રના બહેનોની માંગ

સ્વાશ્રયી મહિલા સેવા સંઘ (સેવા) અસંગઠિત કામદાર બહેનોનું સંગઠન છે. અમે સંગઠનમાં ૮૦૯૫૪૪ સભ્યબહેનો સંગઠિત થયા છીએ. અમારી આજીવિકા જમીન, પશુપાલન, હસ્તકલા કારીગરી અને અન્ય કામમાંથી મેળવીએ છીએ. કોવિડ-૧૯ કોરોના મહામારીમાં સમગ્ર દુનિયા સપડાઈ છે. આ મહામારીએ અર્થતંત્રને ડામાડોળ કર્યું છે, તેની માઠી અસર અમો શ્રમજીવી કામદાર બહેનો પર પણ સતત અનુભવી રહ્યા છીએ. એક તરફ જળવાયુ પરિવર્તનની અસરથી ખેતીના કામ પર ગંભીર અસર આવક ઓછી ખર્ચ વધુ, વળી ગામોમાં આ મહામારીના લીધે બહાર કામે ગયેલા પરિવારના સભ્યો ગામોમાં પરત આવ્યા છે. જેમના માટે ફરી કામે પરત જવું અને કામ મેળવવું સરળ નથી. સ્થાનિક કામ ધંધાઓ પણ પહેલા જેવા પૂર્વવત થયા નથી. મોટો મદાર ખેતી - પશુપાલન પર છે. કુટુંબનું ભરણપોષણ ખોરંભાયુ છે. કોવિડ-૧૯ કોરોના મહામારીને નાથવા લેવાયેલા પગલાંને કારણે પણ કામ ઓછુ મળી રહ્યું છે. આર્થિક પ્રશ્નોને કારણે બાંધકામના કામો પણ પૂર્વવત ચાલી નથી રહ્યા. આવા સંજોગોમાં અમારી આગ્રહ ભરી વિનંતી છે કે,

- માનનીય પ્રધાનમંત્રી શ્રી દ્વારા અનાજ વિતરણની રાહત આપવામાં આવી હતી. જે ઘણી જ સરાહનીય છે. પરંતુ હાલ આ રાહત પેકેજ બંધ થઈ હોવાથી પરિવારોને કોરોના મહામારી સામે શરીરને ટકાવવા ખોરાક જરૂરી છે. હાલમાં આવક ઓછી કામધંધો પુરતો મળે નહી તેથી બે ટંક ખોરાકમાં કાપ મુકાયો છે. અમારી માંગ છે કે, ગામોમાં આર્થિકંભીસમાં સપડાયેલા શ્રમજીવી પરિવારો જેની પાસે હાલમાં કામધંધો ઉપલબ્ધ નથી. તેવા અને જરૂરીયાત વાળા પરિવારોને માટે અનાજ વિતરણ પેકેજ ચાલું કરવામાં આવે.
- મહાત્માગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર એક્ટ (મનરેગા) ગામડાઓમાં રોજગારી માટેનો ઉત્તમ વિકલ્પ છે. તેમાં પણ સરકાર શ્રી દ્વારા રોજગારીના વિવિધલક્ષી કામો હાથ ધરવામાં આવે જ્યાં હાલની પરિસ્થિતિ મુજબ નવા જોબકાર્ડની જરૂર હોય તે ઝડપી આપવામાં આવે. આ માટે વિવિધ માધ્યમોથી માહિતી પ્રસારણ દ્વારા માર્ગદર્શન આપવામાં આવે તે જરૂરી છે. જેથી બધું પૂર્વવત ના થાય ત્યાં સુધી આ પરિવારોને મનરેગામાંથી કામ અને આવક મળી રહે.
- હાલમાં કોરોના મહામારી સામે રક્ષણ મેળવવા માસ્ક નિયમ પ્રમાણે અનિવાર્ય છે. આ માસ્ક બનાવવાના કામને પણ મનરેગા અંતર્ગત સાંકળી લેવામાં આવે એવી આમારી માંગ છે.
- પશુપાલનનું કામ આ સમયે ઘરનું અર્થતંત્ર ટકાવવામાં ઘણું કારગર સાબિત થયું છે. આથી ઘેટાં, બકરાં, ગાય, ભેંસ વગેરે જેવા પશુ માટે પશુધિરાણને વેગ આપવામાં આવે અને શ્રમજીવી પરિવારોને ખાસ યોજના હેઠળ પશુ આપવામાં આવે તેવી માંગ છે. જેથી આ કામથી પણ રોજગારી મેળવી શકાય.

આભાર સહ,

R. S. Riyawala

રેહાના રીયાવાલા
ઉપ પ્રમુખ, સેવા